ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, ખંભાળિયા, જિ.દેવભૂમિ દ્વારકાના મકાન બાંધકામ માટેના ખર્ચની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/1633/G

સચિવાલય , ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૨૦૨૦/૪૯૧૯૫૪/ન.બા.-૨૩/ગ, તા.૨૮/૧૦/૨૦૨૧

(૨) નિયામક(અનુ.જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૬-૨૭/૨૦૨૬-૨૭/૪૫૧, તા.૩૦/૦૬/૨૦૨૬

આમુખ :

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલ સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં થયેલ વધારો તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે જિલ્લા કક્ષાના ડૉ.આંબેડકર ભવન બાંધવાનું નક્કી થયેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના આ વિભાગના તા. ૨૮/૧૦/૨૦૨૧ ના ઠરાવથી ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, ખંભાળિયા, જિ.દેવભૂમિ દ્વારકાના મકાન બાંધકામ માટેના રૂ.૨,૯૯,૫૮,૨૦૦/-(અંકે રૂપિયા બે કરોડ નવ્વાણુ લાખ અઠ્ઠાવન હજાર બસ્સો પૂરા)ના ખર્ચ અંદાજોની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા. ૩૦/૦૬/૨૦૨૬ના પત્રથી સદર ભવનના મકાન બાંધકામ માટે મંજૂર થયેલ રૂ.૨,૯૯,૫૮,૨૦૦/- ઉપરાંત ફર્નિચરકામ માટે રૂ.૩૫,૩૨,૪૦૦/- ના ખર્ચ અંદાજો એમ કુલ રૂ.૩,૩૪,૯૦,૬૦૦/-(અંકે રુપિયા ત્રણ કરોડ ચોત્રીસ લાખ નેવુ હજાર છસ્સો પુરા)ના ખર્ચની સુધારેલી વહીવટી મંજૂરી મેળવવા માટે અત્રે દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, ખંભાળિયા, જિ.દેવભૂમિ દ્વારકાના મકાન બાંધકામ માટેના મંજૂર થયેલ રૂ.૨,૯૯,૫૮,૨૦૦/-ના ખર્ચઅંદાજો ઉપરાંત, ફર્નિચરકામ માટેના રૂ.૩૫,૩૨,૪૦૦/-ના ખર્ચઅંદાજો સામે રૂ.૩૩,૩૧,૦૩૬/-ના ખર્ચ અંદાજોની એમ કુલ રૂ.૩,૩૨,૮૯,૨૩૬/- (અંકે રુપિયા ત્રણ કરોડ બત્રીસ લાખ નેવ્યાસી હજાર બસ્સો છત્રીસ પુરા)ના ખર્ચ અંદાજોની આથી સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૨૮/૧૦/૨૦૨૧ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે. તેમજઉક્ત કામ માટે નિયામક(અ.જા.ક.) કચેરી દ્વારા ચાલુ અને આગામી નાણાકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.10.19 15:49:27 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫ આયોજન, મુખ્ય સદર – ૪૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર – ૦૧ SCW-33 ડૉ.આંબેડકર ભવનો/ફાઉન્ડેશનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ- ફાઈલ પર નાણાવિભાગની તા.૦૩/૧૦/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(ડૉ.અનંત ગર્ગ)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

<u>નકલ રવાના :</u>

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.)કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)કાર્યાલય , સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.દેવભૂમિ દ્વારકા
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬.

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.10.19 15:49:27 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign